દાખલ તારીખ : ૦૧/૦૮/૨૦૨૩

નોંધણી તારીખ: ૦૧/૦૮/૨૦૨૩

નિકાલ તારીખ: ૩૦/૧૦/૨૦૨૩

| સમય: | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૨ | ૨૯ |

सत्यमेव जयते

**ભચાઉના એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસની કોર્ટમાં, મુ.ભચાઉ–કચ્છ.**

**ફો.પ.અ.નં.૨૭૭/૨૦૨૩**

**આંક–૧૬**

**અરજદાર :** **બગડા નરસિંહ દલાભાઈ,**
ઉ.વ.૪૦, ધંધો–મજુરી,
રહે.રામદેવપીર વાસ, પસકચારા, આધોઈ,
તા.ભચાઉ–કચ્છ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **જન્મ–મરણ નોંધણી અધિકારી,**
**તલાટી કમ મંત્રી,**
**આધોઈ ગ્રામ પંચાયત કચેરી,**
**તા.ભચાઉ–કચ્છ.**

---

**જન્મ મરણ નોંધ અધિનિયમ ૧૯૬૯ની કલમ : ૧૩(૩) મુજબની અરજી**

---

અરજદાર તરફે : વિ.વકીલશ્રી બી.એમ.દાફડા

સામાવાળા તરફે : ––

---

ઠ રા વ

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર ભચાઉ તાલુકાના

આધોઈ ગામના રહેવાસી છે. અરજદારના લગ્ન આશરે ૧૭ વર્ષ પહેલા રણમલભાઈ નામેરીભાઈ વાઘેલાની પુત્રી અમરતબેન સાથે થયેલા અને આ લગ્નજીવનથી તેઓને બે સંતાન હાદિક અને તુષારકુમારનો જન્મ થયેલ. તેઓના પુત્ર તુષારકુમાર નરસિંહભાઈ બગડાનો જન્મ તા.૦૩/૦૫/૨૦૧૨ ના રોજ થયેલ પરંતુ અરજદાર કે તેઓના પરીવારના કોઈપણ સભ્યએ પુત્રના જન્મની નોંધણી સામાવાળાના જન્મ રજીસ્ટરમાં તેઓની કાયદાકીય અજ્ઞાનતા અને સમજણના અભાવે કરાવેલ નહી તથા તેમને હાલમાં જન્મના પ્રમાણપત્રની ભવિષ્યમાં અવાર નવાર પડતી જરૂરીયાતોના કારણોસર નિયમાનુસારની લેઈટ ફી લઈ સામાવાળા જન્મની નોંધણી કરી નિયમાનુસારની લેઈટ ફી લઈ સામાવાળા તેઓના પુત્રનું જન્મ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

(૨) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| **અનુક્રમ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૦૧ | ૦૭ | અરજદાર–નરસિંહભાઈ દલાભાઈ બગડાનું પુરાવાનું સોગંદનામું |
| ૦૨ | ૦૮ | વર્તમાપત્રમાં નોટીસની જાહેર પ્રસિધ્ધી |
| ૦૩ | ૦૯ | સાહેદ–વીરીબેન રણમલભાઈ વાઘેલાનું પુરાવાનું સોગંદનામું |
| ૦૪ | ૧૦ | સાહેદ–અમરત નરસિંહભાઈ બગડાનું પુરાવાનું સોગંદનામું |
| ૦૫ | ૧૧ | સાહેદ–ચંપાબેન કાંતીભાઈ વાઘેલાનું પુરાવાનું સોગંદનામું |
| ૦૬ | ૧૨ | સામાવાળા–લખમણભાઈ જીવાભાઈ પરમારની જુબાની |
| ૦૭ | ૧૩ | સામાવાળાએ આપેલ અપ્રાપ્ત દાખલો |
| ૦૮ | ૧૪ | રજીસ્ટરના ઉતારાની ખરી નકલ |
| ૦૯ | ૧૫ | કલોઝીંગ પુરશીશ |

(૩) આ કામે અરજદારને બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રમાં જાહેર નોટીસની પ્રસિધ્ધી કરવાનું જણાવતા અરજદારએ તે મુજબ નોટીસની જાહેર પ્રસિધ્ધી કરાવેલ છે જે વર્તનમાનપત્રની એક પ્રત આંક–૦૮ થી રજુ છે.

(૪) આ કામે અરજદાર તરફે અરજદાર નરસિંહભાઈ દલાભાઈ બગડાનું પુરાવાનું સોગંદનામું આંક–૦૭ થી રજુ થયેલ છે જેમાં અરજીની હકીકતો જણાવી અરજીની હકીકતોને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે, તેઓ કચ્છ જીલ્લાના ભચાઉ તાલુકાના આધોઈ ગામના રહેવાસી

છે અને તેઓના લગ્ન આશરે ૧૭ વર્ષ પહેલા રણમલભાઈ નામેરીભાઈ વાઘેલાની પુત્રી અમરતબેન સાથે થયેલા અને આ લગ્નજીવનથી તેઓને બે સંતાન હાદિક અને તુષારકુમારનો જન્મ થયેલ પરંતુ તેઓના પુત્ર તુષારકુમાર નરસિંહભાઈ બગડાનો જન્મ તા.૦૩/૦૫/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓને કાયદાનું ભાન ન હોય તેઓના પુત્રની જન્મ અંગેની નોંધણી આઘોઈ ગ્રામ પંચાયતમાં કે ભારત ભરના કોઈપણ સ્થળે જન્મનોંધણી અધિકારી સમક્ષ તેઓ કરાવી શકેલ નથી કે અન્ય જગ્યાએ કરાવેલ નથી. અવારનવાર સરકારી કામ અર્થે જન્મના દાખલાની જરૂરીયાત હોય આ અરજી નામદાર કોર્ટમાં સાદર કરેલ છે. જે બાબત તેઓ સોગંદ પર જાહેર કરે છે.

(૫) આ કામે સાહેદ વીરીબેન રણમલભાઈ વાઘેલાનું પુરાવાનું સોગંદનામું આંક-૦૯ થી, સાહેદ અમરત નરસિંહભાઈ બગડાનું પુરાવાનું સોગંદનામું આંક-૧૦ થી, સાહેદ ચંપાબેન કાંતીભાઈ વાઘેલાનું પુરાવાનું સોગંદનામું આંક-૧૧ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ અરજદારની અરજીની હકીકતોને સમર્થન આપેલ છે.

(૬) સદરહુ અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે જે બાદ સામાવાળા તરફે લખમણભાઈ જીવાભાઈ પરમારનાઓએ આંક-૧૨ થી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા સોળ વર્ષથી આઘોઈ ગ્રામ પંચાયતમાં તલાટી ક્રમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. તેઓની ફરજમાં આઘોઈ ગ્રામ પંચાયતનું જન્મ-મરણ નોંધણી રજીસ્ટર નિભાવવાનું તથા વેરા વસુલ કરવાની કામગીરી આવે છે. આ કામના અરજદાર બગડા નરસિંહભાઈ દલાભાઈ, રહે.આઘોઈવાળાએ પોતાના પુત્ર તુષાર જેઓનો જન્મ આઘોઈ ગામ મધ્યે તા.૦૩/૦૫/૨૦૧૨ ના રોજ થયેલ હોવાનું જણાવી તેઓના જન્મની નોંધણી માટે તેઓની કચેરીએ અરજી કરતા તેઓએ આઘોઈ ગ્રામ પંચાયતનું સને-૨૦૧૨ નું જન્મ નોંધણી રજી.જોઈ તપાસી આવી કોઈ જન્મ નોંધણી તેઓના દફતરે થયેલ ન હોય તે મતલબનો દાખલો કાઢી આપેલ છે જે માર્ક-૩/૨ વાળો દાખલો તેઓને બતાવતા તેમાં તલાટી મંત્રી તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવતા આ કામે આંક-૧૩ થી દાખલો રજુ રાખેલ છે. આજરોજ તેઓ તેઓની કચેરીનું સને ૨૦૧૨ નું જન્મ નોંધણી રજીસ્ટર સાથે લાવેલ છે જેના પરથી ખરીનકલ આ સાથે રજુ કરે છે જેમાં ખરીનકલ કરનાર તરીકે તેઓની સહી છે જે ૨૦૧૨ ના જન્મ નોંધણી રજીસ્ટરની ખરીનકલ આ કામે આંક-૧૪ થી રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે અરજદારની અરજી મંજુર કરવામાં આવે તો તેઓને કોઈ વાંધો નથી.

(૭) આ કામે સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી લખમણભાઈ જીવાભાઈ પરમારની આંક-૧૨ તેમજ તેઓએ રજુ કરેલ દાખલો આંક-૧૩ વંચાણે લેતાં અરજદારના પુત્ર તુષારકુમારના જન્મના બનાવ અંગે અરજદાર બગડા નરસિંહ દલાભાઈની વિનંતીથી તપાસ કરતા જન્મ રજીસ્ટરનું વર્ષ ૨૦૧૨ નું રેકર્ડ અત્રેની કચેરીએ ઉપલબ્ધ ન હોવાનું ફલીત થાય છે.

(૮) આ કામે જાહેર નોટીસ દિવ્યભાસ્કર વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ છે તે વર્તમાનપત્ર અંક આંક-૦૮ થી રજુ છે. આ જાહેર નોટીસ વંચાણે લેતાં અરજદારના પુત્ર નામે તુષાર નરસિંહભાઈ બગડાનો જન્મ તા.૦૩/૦૫/૨૦૧૨ ના રોજ આધોઈ, તા.ભચાઉ-કચ્છ મુકામે થયેલ હોવાનું જણાવી સદર અરજદારના પુત્રની જન્મ-નોંધ સામાવાળા દફતરે કરવા ઉપરોકત અરજી મંજુર કરવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તેમણે મુ.તા.૦૩/૦૫/૨૦૨૩ સુધીમાં જરૂરી આધાર પુરાવા સાથે અત્રેની કોર્ટમાં હાજર રહેવું તેવું જણાવવામાં આવેલ છે. સદર જાહેર નોટીસ તા.૦૬/૦૮/૨૦૨૩ ના અંકમાં પ્રસિધ્ધ થયેલ છે. આમ, તે તારીખથી તેમજ તે બાદના સમયગાળાનું રેકર્ડ તપાસતાં સદર જાહેર નોટીસમાં દર્શાવેલ હકીકત અંગે કોઈ વાંધા આવેલ ન હોવાનું ફલીત થાય છે.

(૯) આમ, હાલની અરજી સંદર્ભે કોઈ વાંધા આવેલા ન હોય હાલની અરજી બિન તકરારી બને છે જેથી અરજદાર તરફે તેઓની સોગંદ પરની જુબાનીમાં તેમજ તેમની અરજીમાં તેઓના પુત્ર તુષારકુમાર નરસિંહભાઈ બગડાના જન્મ અંગે જે હકીકત જણાવી છે તે ન માનવા માટે કોઈ કારણ નથી તેમજ અરજદારની અરજીની હકીકતોને અન્ય સાહેદોએ સોગંદ પરના પુરાવામાં સમર્થન આપેલ છે તેમજ અરજદારના પુત્રની જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી/તલાટી મંત્રીશ્રી આધોઈ ગ્રામપંચાયત સમક્ષ થયેલ નથી તેવું તલાટી ક્રમ મંત્રીશ્રી આધોઈ ગ્રામપંચાયતના તલાટીએ રેકર્ડ વેરીફાઈ કરીને સોગંદ ઉપર જાહેર કરેલ છે. આમ ઉપરોકત તમામ હકીકતો તથા આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ૧૯૯૭ (૨) જી.એલ.આર., પાના નં.૧૧૭૪, **કરીમાબીબી વીડો ડો/ઓ. ગુલામ મહમદ મુસ્તફા વિરૂધ્ધ અંકલેશ્વર મ્યુનીશીપાલીટી** ના ચુકાદામાં પ્રતીપાદન કરવામાં આવેલ સિધ્ધાંતો અનુસાર જન્મની નોંધ સામાવાળાના દફતરે કરાવવા માટે હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચિત જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: **<u>આખરી હુ ક મ</u>** ::-

(૧) આ કામે અરજદાર **નરસિંહ દલાભાઈ બગડાની** અરજી જન્મ અને મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે "**મંજુર**" કરવામાં આવે છે.

(૨) સામાવાળા **જન્મમરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી મંત્રીશ્રી આધોઈ ગ્રામ પંચાયતને** એવો હુકમ કરવામાં આવે છે કે, આથી નીચેની વિગતે અરજદારના પુત્ર કે જેની વિગત નીચે જણાવેલ છે તેમના નામની જન્મની નોંધ જરૂરી લેઈટ ફી લઈને, આધોઈ ગ્રામપંચાયતે તેના દફતરે નોંધી આપવી.

| | | | |
|---|---|---|---|
| ૧. | નામ | :- | તુષારકુમાર નરસિંહભાઈ બગડા |
| ૨. | જન્મ તારીખ | :- | તા.૦૩/૦૫/૨૦૧૨ |
| ૩. | જન્મ સ્થળ | :- | આધોઈ, તા.ભચાઉ-કચ્છ. |
| ૪. | જાતિ | :- | પુરૂષ |
| ૫. | પિતાનું નામ | :- | નરસિંહ દલાભાઈ બગડા |
| ૬. | માતાનું નામ | :- | અમરતબેન નરસિંહભાઈ બગડા |
| ૭. | રાષ્ટ્રીયતા | :- | ભારતીય |
| ૮. | ધર્મ | :- | હિન્દુ |

(૩) અરજદારના પુત્રની આ અગાઉ કોઈ જન્મ નોંધ કોઈપણ સ્થળે કોઈપણ રીતે કરાવવામાં આવી હોવાનું પાછળના તબકકે પુરવાર થાય તો આ હુકમ આધારે પાડવામાં આવેલ જન્મ નોંધ આપોઆપ રદ થયેલ ગણાશે.

(૪) હુકમ મુજબ યાદી કરવી.

હુકમ આજરોજ તારીખ.૩૦ મી, માહે-ઓકટોબર, સને-૨૦૨૩ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

સહી/-

**તારીખ: ૩૦/૧૦/૨૦૨૩.**
**મુકામ :-ભચાઉ-કચ્છ.**

**(કુમારી યોગિતા શર્મા)**
**GJ-01529**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ભચાઉ-કચ્છ.**